# દિવ જિલ્લા કલેક્ટરે આઝાદી કા અમૃત મહોત્સવ અને સ્વતંત્રતા દિવસની ઉજવણીને લઈ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે મહત્વની બેઠક યોજી






## આઝાદી નાં ૭૫ વર્ષ પૂરા થવા પર દેશભર માં થઈ રહી છેં આઝાદી નાં અમૃત પર્વની ઉજવણી

દિવ

આજે દિવ જિલ્લા કલેક્ટર શ્રીમતી સલોની રાયે દિવ જિલ્લાની કચેરીઓના વડાઓ અને કર્મચારીઓ સાથે કલેક્ટર કચેરીના સભાગૃહ માં બેઠક યોજી હતી. આ બેઠકમાં, `આઝાદી કા અમૃત મહોત્સવે અને સ્વતંત્રતા દિવસ ની ઉજવણી સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. આ -સંગે દિવ જિલ્લા કલેક્ટરે ઉપસ્થિત અધિકારીઓ અને આ સમયગાળા દરમિયાન આયોજીત કાર્યક્રમો અંગે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી અને તેઓનો અભિ-ાય લીધો. નોંધનીય છે કે, દેશની આઝાદી ના ૭૫ વર્ષ પૂરા થવા પર દેશ ની આઝાદી ના ૭૫ સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી રહેલ છે. આઝાદી નો અમૃત મહોત્સવ ભારત સરકાર દ્વારા સ્વતંત્રતા ની ૭૫મી વર્ષગાંઠ ની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમો ની એક શ્રેણી છે. આ પ્રસંગે, ૧૨ માર્ચ, જે ભારતીય ઇતિહાસ માં એક ખાસ દિવસ છે, ૧૯૩૦ માં આ દિવસે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ના નેતૃત્વ હેઠળ, દાંડી યાત્રા શરૂ કરવામાં આવી હતી, આ પ્રસંગે ભારત સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી અને દમણ-દિવ ના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ૧૨ માર્ચ, ૨૦૨૧ ના ??રોજ દિવ માં `આઝાદી કા અમૃત મહોત્સવે શરૂ કરવામાં આવેલ. આ કાર્યક્રમ નું આયોજન દિવ આઇ.એન.એસ. ખુકરી સ્મારક ના ઐતિહાસિક આંગણામાં થયું. ત્યારબાદ -ૌત્તરી સ્પર્ધા, ચર્ચા સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, પ?મ સ્પર્ધા, વેસ્ટ માંથી બેસ્ટ સ્પર્ધા અને વૃક્ષારોપણ કાર્યક્રમો જુદી જુદી તારીખે યોજવામાં આવ્યા હતા.

`આઝાદી કા અમૃત મહોત્સવ -સંગે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૧ થી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૧ સુધી દિવ જિલ્લામાં રંગોળી સ્પર્ધા, ફોટોગ્રાફી સ્પર્ધા, સાયકલ રેલી, ટી-શર્ટ પેઈન્ટિંગ, દેશભક્તિ ગીત સ્પર્ધા, ટ્રેઝર હન્ટ, ફેસ પેઈન્ટીંગ અને `સ્વતંત્રતા નો અમૃત મહોત્સવ` આધારિત છત્રી પેઈન્ટિંગ, સેન્ડ આર્ટ, શેરી નાટકો જેવા કાર્યક્રમો નું આયોજન કરવામાં આવેલ છે. નોંધનીય છે કે `આઝાદી કા અમૃત મહોત્સવે -સંગે, કેન્દ્રશાસિત -દેશ દાદરા અને નગરહવેલી અને દમણ અને દિવ, દરેક જિલ્લાએ ૨૫-૨૫ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવશે. દિવ જિલ્લામાં અગાઉ ૬ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું. આમ, આ સમયગાળા દરમિયાન કુલ ૧૯ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમો માં ભારત ના ભવ્ય ઇતિહાસ અને પરંપરા ની ઝલક જોવા મળશે. આ કાર્યક્રમો દ્વારા, સનાતન ભારતના ગૌરવ, આધુનિક ભારતની તેજસ્વીતા અને આપણા વૈજ્ઞાનિકો ની -તિભા અને ક્ષમતા ની ઝલક જોવા મળશે.

બેઠકના અંતે, દિવ કલેક્ટરે જણાવ્યું હતું કે કાર્યક્રમો નું આયોજન કરતી વખતે ભારત સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન દ્વારા કોરોના સંબંધિત સમય - સમય પર જારી કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ નું સંપૂર્ણ પાલન કરવું.

# અમેરિકામાં બિઝનેસ માટે જવા ઈચ્છતા લોકોને માર્ગદર્શન મળી રહે તે માટે ચેમ્બર દ્વારા સેમિનાર યોજાયો




સુરત.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૪ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સાંજે ૬ઃ૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'અમેરિકા જવું છે?' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુ.એસ.એ. વિઝા વિન્ડોના એકસપર્ટ ડો. સુધીર શાહ અને વિપુલ દોશીએ માર્ગદર્શન આપ્યું હતું.

ડો. સુધીર શાહે જણાવ્યું હતું કે વિશ્વમાં સૌથી આગળ પડતો દેશ અમેરિકા હોવાથી લોકોની ભણવા માટે, ફરવા માટે, કારકિર્દી ઘડતર માટે અને બિઝનેસ માટે પણ પહેલી પસંદ અમેરિકા હોય છે. આથી તેમણે જુદા-જુદા વિઝા અંગે વિદ્યાર્થીઓ તથા ઉદ્યોગકારોને વિસ્તૃત માહિતી આપી હતી. ખાસ કરીને ઇબી- ૫ અને એલ- ૧ વિઝા અંગે તેમણે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે કહયું હતું કે, અમેરિકા જવા માટે વિઝા મળી ગયા હશે તો એનો મતલબ એવો નથી થતો કે અમેરિકા જઇ શકાશે. જો ઇન્ટરવ્યુ દરમ્યાન અધિકારીને એવું જણાય કે ખોટું બોલીને વિઝા મેળવવામાં આવેલા છે તો અમેરિકા જવાનું સ્વપ્ન પૂર્ણ થશે નહીં.

બી- ૧ વિઝા, બિઝનેસ માટે અને બી- ર વિઝા, ટુરીસ્ટ તરીકે ફરવા માટે આપવામાં આવે છે. બી- ૧ વિઝા લઇને બિઝનેસમેન અમેરિકા જઇને બિઝનેસ મિટીંગ અટેન્ડ કરી શકે છે, એકઝીબીશનમાં ભાગ લઇ શકે છે, સેમિનારમાં ભાગ લઇ શકે છે અને ઓર્ડર લઇ શકે છે અને આપી શકે છે, પરંતુ ઓફિસમાં બેસીને બિઝનેસ કરી શકશે નહીં. જો કે, બી- ૧ વિઝા લઇને બિઝનેસના હેતુથી ગયેલા ઉદ્યોગકારોને અમેરિકામાં જો બિઝનેસની તકો દેખાય તો તેઓ પોતાનું સ્ટેટસ બદલીને એલ- ૧ વિઝા લઇ શકે છે. તેમણે દરેક વિઝા સાથે જોડાયેલા સ્ટેટસ વિશે વિસ્તૃત સમજણ આપી હતી.

તેમણે સ્ટુડન્ટ વિઝા ઉપર અમેરિકામાં અભ્યાસ કરવા માટે જનારા વિદ્યાર્થીઓને ધ્યાનમાં લેવાની કેટલીક મહત્વની બાબતો વિશે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને અભ્યાસ પૂર્ણ થયા બાદના ૯૦ દિવસની અંદર જોબ કરવા માટેના નિયમો છે તેના વિશે તેઓને અવગત કરાવ્યા હતા. સાથે જ અમેરિકામાં ૫૦૦થી ૧૦૦૦ ડોલર લઇને જોબ આપવાની લાલચ આપતી બોગસ કંપનીઓથી પણ સાવધાન રહેવા માટે ચેતવ્યા હતા. એલ- ૧ એ વિઝા એકઝીકયુટીવ, મેનેજર અને કંપની સંબંધિત ખાસ -કારની જાણકારી ધરાવનારી વ્યકિતઓ માટે હોય છે. ભારતમાં બિઝનેસ કરતી કંપની જો પાર્ટનરશિપ તરીકે અથવા પોતાની બ્રાન્ચ અમેરિકામાં ખોલે છે ત્યારે ભારતમાં આ કંપનીમાં છેલ્લા ત્રણ વર્ષથી નોકરી કરતા મેનેજર તથા એકઝીકયુટીવને કંપની એલ- ૧ એ વિઝા ઉપર અમેરિકા મોકલી શકે છે. એલ- ૧ એ વિઝાને આધારે વ્યકિત અમેરિકામાં સાત વર્ષ સુધી રહી શકે છે અને કામ કરી શકે છે. ત્યારબાદ કંપની કર્મચારીને બબ્બે વર્ષનું એકસટેન્શન આપી શકે છે અને બાદમાં તેઓને ગ્રીન કાર્ડ પણ મળવાની જોગવાઇ કાયદામાં રહેલી છે. આ સેમિનારમાં ચેમ્બરના મેનેજિંગ કમિટીના સભ્ય અમિષ શાહે સ્વાગત -વચન કર્યું હતું અને બિજલ જરીવાલાએ સેમિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું.

# વરેલીમાં ગેસ લીકેજ થતા ૩ દાઝયા

બારડોલી,

સુરત જિલ્લાના પલસાણા તાલુકાનાં વરેલી ગામે શાંતિ નગરમાં રહેતા પાડોશીને ત્યાં ગેસ લિકેજની ગંધ શોધવા જતા આગ લગતા ત્રણ વ્યક્તિઓ દાઝી ગયા હતા.

માહિતી અનુસાર પલસાણા તાલુકાનાં વરેલી ગામ ખાતે આવેલ શાંતિનગર ગાયત્રી પેલેસની બાજુમાં પહેલા માળે રૂમ નંબર ૧૪ માં રહેતા સુબોધ કિશોરી યાદવ પોતાના પરિવાર સાથે રહે છે તેઓ કામ ઉપર હોવાથી સુબોધ કિશોરી યાદવની પત્નીએ પડોશમાં રહેતા અયોધ્યા -સાદ યાદવને જણાવ્યુ હતું કે ગેસની ગંધ ક્યાંથી આવે છે તે શોધવા માટે જઈ રહ્યા હતા તે સમયે પડોશમાં રહેતા પ્રહલાદભાઈ પણ રૂમમાં ગયા હતા અને તે સમયે અંધારું હોવાથી અયોધ્યા પ્રસાદે અજવાળું કરવા માટે માચીસ પ્રગટાવી અજવાળું કરવા જતાં ગેસ લીકેજ હોવાને કારણે આગનો ભડકો થતા અયોધ્યા પ્રસાદ યાદવ, પ્રહલાદ કુશવા તેમજ ત્યાં રમતી બાળકી પ્રિયા



કુશવા દાઝી જતા ૧૦૮ મારફતે સુરત સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં અયોધ્યા પ્રસાદ યાદવને દાખલ કરાયા હતા તો બીજી તરફ આગનો ભડકો થતા આસપાસના લોકો ભેગા થઈ જતા લોકોએ આગને કાબુમાં લીધી હતી

# `જાફરાબાદ રામેશ્વર મંદિર ખાતે વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

જાફરાબાદ

હાલ સમગ્ર વિશ્વ કોરોના વાઈરસ મહામારી માંથી પસાર થઇ રહ્યો છે ત્યારે આ વાઈરસ થી બચવા અને રોગ-તિકારક શક્તિ વધારવા માટે વેક્સિન જ ઈલાજ છે. આજે પણ ગ્રામ્ય અને છેવાડાના વિસ્તારોમાં વેક્સિન બાબતે ગેરમાન્યતાઓ અને ખોટી અફવાઓ છે ત્યારે જનજાગૃતિ અભિયાન નાં ભાગરૂપે જાફરાબાદ નગરપાલિકા નાં સદસ્ય ધર્મેશભાઈ બારૈયા અને શંકરભાઈ બારૈયા દ્વારા રામેશ્વર મંદિર ખાતે વેક્સિનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં -થમ કેમ્પ માં ૧૮ વર્ષ થી ઉપરનાં ૪૩૫ લોકો એ



વેક્સિન લીધી હતી અને બીજા કેમ્પમાં ૨૮૯ લોકોએ વેક્સિન લીધી હતી. ત્યારે આ કેમ્પ ને સફળ બનાવવા માટે અર્બન હેલ્થ ઓફિસર ડો. ગોસ્વામી તથા આરોગ્ય કર્મચારીઓ એ મહેનત કરી હતી. વધુ માં આ આગેવાનો દ્વારા જણાવાયું હતું કે હજું પણ આ વિસ્તારમાં બાકી રહી ગયેલા લોકો વેક્સિન આપવા માટે કેમ્પ તથા જનજાગૃતિ અભિયાન કરવામાં આવશે.

# જોળવામાં તસ્કરોએ બે ખ્વ મશીનમાં ચોરીનો પ્રયાસ

બારડોલી,

સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં તસ્કરોનો આતંક યથાવત પણે ચાલી રહ્યો છે. પલસાણા વિસ્તારમાં જાણે કે કાયદા વ્યવસ્થા જેવું કંઇ હોય જ નહીં એટલે કે તસ્કરોને જાણે પોલીસનો કોઇ ડર જ ના હોય તે રીતે અસામાજિક તત્વો ગુનાખોરીને અંજામ આપી રહ્યાં છે. થોડા દિવસ આગાઉ જ વિસ્તારમાં એક એટીએમ મશીન તોડી તેમાંથી લાખો રૂપિયા લઈ ગયા હતા. ત્યારબાદ ગતરોજ વહેલી સવારે તસ્કરોએ જોળવા ગામની સીમમાં આવેલ બે એટીએમ મશીન તોડવાનો -યાસ કર્યો હતો. જોકે આ ઘટનામાં તસ્કરોએ વિલા મોઢે પરત ફરવું પડ્યું હતું, આ ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં તસ્કરોએ વધુ બે એટીએમ મશીનને નિશાન બનાવતા ચકચાર મચી ગઈ છે. પલસાણા તાલુકાનાં જોળવા ગામની સીમમાં આવેલ કુબેર આર્કેડ કોમ્પ્લેક્ષમાં આવેલ આઈ.સી.આઈ.સી .આઈ બેન્કનું એટીએમ મશીન આવેલ છે. આ મશીનને કોઈ અજાણ્યા તસ્કરોએ બુધવારના રોજ વહેલી સવારે નિશાન બનાવ્યું હતું અને તેને તોડી નુકશાન પહોંચાડયું હતું. જોકે કઈ હાથ ન લાગતાં વિલા મોઢે પરત ફરવું પડ્યું હતું. જ્યારે બીજી તરફ જોળવા ગામે આવેલ જૂની રિદ્ધિ બિલ્ડીંગમાં આવેલ એક્સિસ બેન્કના એટીએમને પણ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને મશીનને નુકશાન પહોંચાડયું હતું. જોકે ત્યાં પણ કઈ હાથ લાગ્યું ન હતું. આ વિસ્તારમાં બુધવારની વહેલી સવારે એક સાથે તસ્કરોએ બે એટીએમ મશીનને નિશાન બનાવતા ચકચાર મચી ગઈ છે. જાણે આ વિસ્તારમાં એટીએમ મશીનને નિશાન બનાવટી ગેંગ સક્રિય થઈ હોય તેવું લાગી રહ્યું છે. હાલમાં જ થોડા દિવસ અગાઉ તાતીથૈયા વિસ્તારમાંથી તસ્કરો એટીએમ મશીન તોડી લાખો રૂપિયાની કેશ લઈ ગયા હતા.

# બારડોલીમાં વેપારીની ગોળી મારી હત્યા : બાઈક પર આવેલા હત્યારાઓ એક રાઉન્ડ ફાયરિંગ કરી ફરાર

બારડોલી

બારડોલી તાલુકાના નાંદીડા ચોકડી નજીક બાઇક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ ગ્લાસના વેપારી પર ફાયરિંગ કરી હત્યા કરી દેતાં ચકચાર મચી ગઈ હતી. વેપારીને ગંભીરવસ્થામાં બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું. ઘટનાની જાણકારી મળતા જ સુરત રેન્જ આઈ.જી. અને જિલ્લા પોલીસ વડા પણ બારડોલી આવી પહોંચ્યા હતા. પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

બારડોલીના હનુમાન ગલીમાં રહેતો નિખિલ સુધીર સિંગાડીયા (-જાપતિ)(ઉ.વર્ષ ૩૪) બારડોલી તાલુકાનાં તેન ગામની સીમમાં નાંદીડા ચોકડી ખાતે શ્રી રામ ગ્લાસ નામે દુકાન ચલાવતો હતો અને ગ્લાસ પેંટિંગ, પીવીસી ડોર, એલ્યુમિનિયમ સેક્શન સહિતની કામગીરી કરતો હતો. ગુરુવારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ નિખિલ બાઇક પર પોતાની દુકાન તરફ જઇ રહ્યો હતો તે સમયે એક મોટર સાયકલ પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેને રોકી તેના પર એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. નાંદીડા જતાં રોડ પર તે બાઇક સાથે નીચે પટકાયો હતો. જ્યારે બાઇક પર આવેલા શૂટર નાંદીડા તરફ નાસી છૂટ્યા હતા. સ્થાનિકોએ તાત્કાલિક નિખિલને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું. ઘટનાની જાણ થતાં જ બારડોલી પોલીસ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તપાસ હાથ ધરી હતી. સ્થળ પરથી એક કારતૂસનું કવર પણ મળી આવ્યું હતું. બીજી તરફ જિલ્લા એલસીબી અને એસઓજીની ટીમ તેમજ જિલ્લા પોલીસ વડા અને રેન્જ આઈ.જી. પણ આ ઘટનાની ગંભીરતાની નોંધ લઈ બારડોલી દોડી આવ્યા હતા. તેમણે ઘટના સ્થળની મુલાકાત લઈ યોગ્ય દિશામાં તપાસના આદેશ આપ્યા હતા. જો કે હાલ આ લખાય રહ્યું છે ત્યારે મોડી સાંજ સુધીમાં મૃતકના પરિવારજનોની ફરિયાદ લેવાની કામગીરી ચાલી રહી રહી છે.



નાંદીડા ચોકડીથી નાંદીડા ગામ જતાં રોડ પર થોડા અંતરમાં જ ફાયરિંગની ઘટના બની છે. જ્યાં ઘટના બની છે ત્યાં સીસીટીવી કેમેરા નહીં હોવાથી તપાસમાં થોડી મુશ્કેલી આવી શકે એમ છે. જો કે પોલીસે આજુબાજુની દુકાનો અને ઓફિસના સીસીટીવી ચેક કરવાની કામગીરી હાથ ધરી છે. જેમાં કેટલાક કેમેરામાં ત્રણ ઇસમો બાઇક પર જઇ રહ્યા હોવાનું દેખાઈ રહ્યું છે. પરંતુ ચિત્ર સ્પષ્ટ ન હોવાથી પોલીસ માટે હત્યારાઓ સુધી પહોંચવું પડકાર રૂપ બની શકે એમ છે.

મૃતક નિખિલ પર અગાઉ પણ તેની જ દુકાનમાં ચપ્પુ વડે હુમલો થયો હતો. અંદાજિત આઠેક માસ પૂર્વે ત્રણ અજાણ્યા શખ્સોએ નિખિલની દુકાનમાં ઘૂસી જઇ તેના પર ચપ્પુ વડે હુમલો કરતાં હાથમાં ઇજા થઈ હતી. તે સમયે પણ કોણે અને કયા કારણોસર હુમલો કર્યો હતો તે જાણી શકાયું ન હતું. પોલીસે આ ઘટનાને પણ ધ્યાનમાં રાખી તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

મૃતક નિખિલની પત્ની ગર્ભવતી હોવાનું જાણવા મળી રહ્યું છે. તેની પત્નીને હાલ આઠમો મહિનો ચાલી રહ્યો છે. પત્ની બાળકને જન્મ આપવાની છે તેવા સમયે જ પતિની હત્યા થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.


## LYKA LABS LIMITED

Gr. Floor, Spencer Building, 30, Forjett Street, Grant Road (West), Mumbai - 400036
CIN : L24230GJ1976PLC008738 Website : www.lykalabs.com

UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2021

(₹.in Lakhs)

| Sr. No. | Particulars | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30th June 2021 (Unaudited) | Quarter ended 30th June 2020 (Unaudited) | Year ended 31st March, 2021 (Audited) | Quarter ended 30th June 2021 (Unaudited) | Quarter ended 30th June 2020 (Unaudited) | Year ended 31st March, 2021 (Audited) |
| 1. | Total Income from Operations | 4,346.59 | 1,254.24 | 6,226.30 | 4,943.67 | 1,771.92 | 8,625.13 |
| 2. | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 2,139.57 | (585.15) | (1,696.66) | 2,131.09 | (413.97) | (1,301.62) |
| 3. | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 2,139.57 | (585.14) | (1,839.53) | 2,131.09 | (414.34) | (1,414.41) |
| 4. | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 1,964.59 | (579.39) | (1,445.89) | 1,955.07 | (467.47) | (1,155.45) |
| 5. | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 1,955.77 | (579.39) | (1,437.01) | 1,946.25 | (467.47) | (1,144.48) |
| 6. | Equity Share Capital | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 |
| 7. | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the year | | | (2,428.08) | | | (5,448.67) |
| 8. | Earnings Per Share (of ₹ 10/- each) (for continuing and discontinued operations) - Basic : Diluted : | 6.84<br>6.84 | (2.03)<br>(2.03) | (5.08)<br>(5.08) | 6.80<br>6.80 | (1.64)<br>(1.64) | (4.07)<br>(4.07) |

The standalone & consolidated unaudited financial results of the company for the quarter ended 30th June, 2021 have been reviewed by audit committee at their meeting held on 4th August, 2021 and approved by the board of directors in its meeting held on 4th August, 2021. The statutory auditors of the company have reviewed above results for quarter ended 30th June, 2021.

**Note :-** The above is an extract of the detailed format of quarter ended financial results for 30th June, 2021 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the quarterly financial results are available on the Stock Exchanges Websites **www.nseindia.com; www.bseindia.com** and on company's website **www.lykalabs.com.**

For & on behalf of the Board of Directors
Sd/-
**Kunal N Gandhi (DIN No: 01516156)**
**(Managing Director)**

**Place : Mumbai**
**Date : 4th August, 2021**